# સાબરકાંઠાના રેલવેના પ્રશ્નો નહીં ઉકેલાય તો જનઆંદોલનની ચમકી આપતા સાબરકાંઠાના સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લો રેલવેની અપુરતી સુવિધાઓ અને કેન્દ્ર સરકારના ઓરમાયા વર્તનને કારણે અવિકસિત રહ્યો છે. આર્થિક રીતે પછાત આ જિલ્લામાં રેલવેની સુવિધાઓ નહીંવત છે. ગુડ્સ રેક પોઈન્ટની સુવિધા હિંમતનગરમાં હતી તે પણ બંધ કરવામાં આવી છે. મોડાસા સુધી બ્રોડગેજ હોવા છતાં મુંબઈ જવા માટે કોઈ સીધી ગાડીની સગવડ કે કનેક્ટીવીટી નથી. વર્ષોથી લોકો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યાં છે. રેક પોઈન્ટના અભાવનો કારણે ખેડૂતોને રાસાયણિક ખાતર સમયસર મળતું નથી, દૂરથી લાવવું ડે છે, જે મોંઘું પડે છે. અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનના બ્રોડગેડ રૂપાંતરનું કામ મંથર ગતિએ ચાલે છે. તો અમદાવાદ-ખેડબ્રહ્મા લાઈનને ખેડબ્રહ્માથી આગળ અંબાજી થઈ આબુ સુધી લંબાવવાની માંગણી રેલવેતંત્રના બહેરા કાને અથડાતી જોવા મળે છે.

સાબરકાંઠામાંથી મુંબઈ જવા માટે કોઈ સીધી ટ્રેન કે કનેક્ટીવીટીની સુવિધા નથી. જેના કારણે સાબરકાંઠાના મુંબઈમાં વસતા લાખો પરીવારો અમદાવાદથી રોડમાર્ગે ખાનગી વાહનોમાં આવે છે. જે મોંઘા પણ પડે છે અને અકસ્માતોનો ભય પણ રહે છે.

ઉપર મુજબ આક્રોશ વ્યક્ત કરી સાબરકાંઠાના સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે સાબરકાંઠાના રેલવેના પ્રશ્નો તાત્કાલિક ઉકેલવા અને વર્ષોથી રેલવે સુવિધાઓની રાહ જોતાં જિલ્લાને ન્યાય આપવા તેમણે તા. ૪-૧૨-૨૦૧૨ ના રોજ સંસદમાં શૂન્યકાળ દરમ્યાન માગણી કરી છે. જો આ બાબતે ઉદાસીનતા રાખવામાં આવશે તો જિલ્લામાં રેલવેતંત્ર સામે રેલ રોકો જેવું ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે અને જિલ્લામાં રેલવેના પૈડાં ઠપ કરી દેવાની ચીમકી સાંસદે આપી છે. ગાંધીચિંધ્યા માર્ગે કરવામાં આવનાર આ આંદોલનમાં જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રીય રીતે જોડાશે. સંસદમાં તેમની આ માગણીનો પડઘો પાડતું નીવેદન સાંસદશ્રીએ તાજેતરમાં જ કર્યું છે અને ઉગ્ર આંદોલન છેડવા તથા તેના આવનાર પરીણામની તમામ જવાબદારી રેલવેતંત્રની રહેશે તેમ સ્પષ્ટ જણાવી સાબરકાંઠાનો રેલવેતંત્ર દ્વારા થતો અન્યાય હવે સહન કરવામાં આવશે નહીં તેમ જણાવેલ છે.

# મહેસાણા જિલ્લામાં ટયૂશનિયા શિક્ષકોની તગડી ફી...

મહેસાણા, તા.૬

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ટયુશન પ્રથા પર પ્રતિબંધ મૂકવા છતાં મહેસાણા જિલ્લામાં કેટલાય શિક્ષકો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટયુશન કલાસો ચલાવી તગડી કમાણી કરી રહ્યા છે. જેના કારણે શિક્ષણ કાર્ય પર માઠી અસર પડી છે.

**વિજ્ઞાન પ્રવાહ અને કોમર્સના શિક્ષકો વિષય દીઠ ૧૫ થી ૩૦ હજાર લેતા હોવાની ફરિયાદ**

છેલ્લા કેટલાય સમયથી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં શાળાઓના શિક્ષકોને ખાનગી ટયુશનો કરવા પર પ્રતિબંધ લાદયો છે તેમ છતાં મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા, ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર, તાલુકામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરીને કેટલાયે શિક્ષકો ટયુશનની હાટડીઓ ચલાવી રહ્યા છે. સરકારી ગ્રાન્ટ મેળવતી શાળાઓમાં ઊંચા પગાર મેળવનાર શિક્ષકો પૈકી ખાસ કરીને ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ કોમર્સના વિષયો સાથે સંકળાયેલ શિક્ષકો વિદ્યાર્થીઓના ટયુશનો કરી તગડી કમાણી કરી રહ્યા છે. કહે છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટયુશન કરનાર શિક્ષકો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસેથી વિષય દીઠ વાર્ષિક ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂપિયા સુધીની ઉંચી ટયુશન ફી લેતા હોવાની લોક ફરીયાદો ઉઠી છે.

જિલ્લામાં ટયુશનીયા શિક્ષકોની બોલબાલા વધી ગઈ છે. આ પ્રથામાં આર્થિક રીતે સક્ષમ તેમજ અન્ય વિદ્યાર્થીઓના વાલીઓના ખિસ્સા હળવા થાય છે. જો કે શ્રીમંત વર્ગના લોકો નાણાંના જોરે પોતાના સંતાનોને ટયુશનના સથવારે શિક્ષણ અપાવી રીક્ષામાં સફળતા અપાવે છે. પરંતુ આ સામે ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ જેઓ ટયુશન રાખી શકે તેમ નથી તેઓનો અભ્યાસ અને વિકાસ રૂંધાય છે તેવું કહેવાય છે.

જિલ્લામાં કેટલાક ટયુશનીયા શિક્ષકોએ પોતે જે વિષય શિખવતા હોય તે વિષયોની એસાઈમેન્ટો ઝેરોક્ષ સેન્ટરોવાળા પાસે તૈયાર કરાવીને તેમના થકી જ બારોબાર વિદ્યાર્થીઓને વેચાણ કરાવીને આમાંથી પણ વધારાની આવક ઉભી કરવાનો નવો કિમીયો શોધી કાઢયો છે. ટયુશનોની હાટડીઓને લીધે શાળાઓ ગૌણ બનીને ટયુશન કલાસો જ મુખ્ય બની ગયા છે. ટયુશનિયા શિક્ષકો વિશે જે તે શાળાઓના કેળવણી મંડળો, આચાર્યોને બધી જાણ છે તેમ છતાં કોણ જાણે કેમ શિક્ષણ વિભાગ તરફથી કોઈ કડક પગલાં ભરાતાં નથી. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને પણ ટયુશન ચલાવનારા શિક્ષકો વિશેની જાણકારી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી.

# પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની કવાયત શરૂ

પ્રાંતિજ, તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ચૂંટણી સંદર્ભનું જાહેરનામું ફેબ્રુઆરી મહિનામાં બહાર પાડવામાં આવનાર છે ત્યારે આ ચૂંટણી લડવા માટે નવા-જુના કોર્પોરેટરો તક્ષો તૈયાર કરી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થતાં જ પ્રાંતિજની નગરપાલિકા ચૂંટણીના પડઘમ શરૂ થઈ ગયા છે અને કોઈ પણ ભોગે નગરપાલિકામાં બેસી જવા સત્તાની સાઠમારીનું આયોજન કરવા માંડયા છે. આ લોકો દ્વારા હાથ મિલાવાના, વિકાસની વાતો કરવાની ચા-પાણીના ભાવો પણ લોકોને પૂછવા લાગ્યા છે.

આ નગરપાલિકામાં અંદાજીત ૨૫ હજાર મતદારો છે. નગરપાલિકામાં સરકાર દ્વારા અંદાજીત કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટો લોકોની સુખાકારીના કામો માટે મળે છે ત્યારે હજુ પણ નગરપાલિકા અને નગરના સર્વાંગિક વિકાસ તેમજ ગરીબ લોકોને તમામ રીતે મદદરૂપ થઈ શકે તેવા નગરસેવકોની જરુર છે. રાજકારણનાં કાવાદાવામાં ટોચના નેતાઓ ટીકીટોની વહેંચણીમાં જો ભેદ થાય તો આ વખતે નગરપાલિકા કદાચ ભાજપ પાસેથી આંચકાઈ જાય તો નવાઈ નહીં હોય. બંને પક્ષે ટિકીટોની ફાળવણીમાં સાચા સેવકોને પસંદ કરી સરકારની મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટોના કામોનું યોગ્ય રીતે આયોજન કરી શકે સાથો સાથ ગરીબોને કાંઈક સરકારી લાભો અપાવી શકે તેનો યોગ્ય લાભ સાચા માણસ સુધી પહોંચે તેવું યોગ્ય આયોજન કરી શકે તેવા ખરા નેતાની જરુરીયાત છે.



વાનરને હવે કાર ચલાવવાની ઈચ્છા થઈ જતા લોક કરેલ ઈન્ડિકા કાર ખોલવાની મથામણ કરતો વાંદરો મંદીર નજીક પાલનપુર નજીકના ગામના કેમેરાના લેન્સમાં કલીક થઈ જતાં થોડી વારમાં વાનરે કારનો કબ્જો છોડી ત્યાંથી એક બાઈક પર પહોંચી ગયો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# વડસ્મા ગામે માર્ગ અકસ્માતમાં મહિલાનું કરૂણ મોત

મહેસાણા, તા. ૬

મહેસાણા નજીકના વડસ્મા પાસે એસ.ટી. બસે મોટરસાયકલને ટક્કર મારતા મોટરસાયકલ પરથી નીચે પટકાયેલ મહિલા પર બસનું પૈડું ફરી વળતાં તેણીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

બનાવની વિગત એવી છે કે, મહેસાણા તાલુકાના કરજીસણ ગામે ખેતીકામ કરતા કલીબેન ઠાકોર ઉં.વ.૪૫ મોટરસાયકલ પર બેસીને સમી ગયા હતા. બાદ સમીથી પરત કરજીસણ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં વડસ્મા પાસે એસ.ટી. બસના ચાલકે બેફિકરાઈથી વાહન હંકારીને મોટરસાયકલને અડફેટે લેતાં મોટરસાયકલ પર બેઠેલ કલીબેન ઠાકોર નીચે પટકાયા હતા. બાદ તેઓના પર બસનું પૈડું ફરી વળ્યું હતું. જેથી તેમનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે લાંઘણજ પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## ડીસામાં પાંચ લાખની કિંમતનું ઘી સ્થગિત કર્યું હતું

# ૬ મહિના પહેલા જપ્ત કરેલું ઘી ભેળસેળવાળું નીકળ્યું

ડીસા, તા. ૫

વેપારી મથક ડીસામાં છેલ્લાં ઘણા સમયથી શુદ્ધતાના નામે અશુદ્ધ અને ભેળસેળયુક્ત ઘી મોટા પાયે વેચાણ થઈ રહેલ છે. જેમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની નિષ્ક્રિયતાએ આ વેપાર કરતા તત્વોને મોકળું મેદાન મળ્યું છે. જો કે આ મામલે ડીસા શહેર પોલીસે લાલ આંખ કરી પાંચ માસ પહેલા રીસાલા વિસ્તારમાંથી અંદાજીત રૂા. પાંચ લાખ કિંમતનો શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપ્યો હતો. વિવિધ માર્કાના ઘીના સેમ્પલ લઈ પોલીસે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલ્યા હતા. જેનો રીપોર્ટ આવતા આ ઘી ભેળસેળયુક્ત હોવાનું એફએસએલ દ્વારા જાહેર કરાતા ડીસાના અનેક વેપારીઓ પર હવે પોલીસ દ્વારા આ મામલે કેસ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની મળતી માહિતી જોતા ગત તા. ૪ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ ડીસા શહેર પી.આઈ. આર. એમ. ભદોરીયાએ બાતમી આધારે એક ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ગોડાઉનમાં વિવિધ વેપારીઓ દ્વારા વેચાણ અર્થે રખાયેલું ગંગોત્રી, યશોદા, ક્રિષ્ના ભોગ, ગગન, સ્વાદ સહિતનો જુદા જુદા માર્કાના ૫૦૦ ગ્રામ અને ૧ કિલોના ૮૪ જેટલા કાર્ટુન અને યશોદા બ્રાન્ડના ૧૫ કિલોના ૫ તેમજ અન્ય બ્રાન્ડ વગરના ૧૦ ટીન જપ્ત કરી કુલ રૂા. ૪,૯૯,૨૦૦નો મુદ્દામાલ શંકા આધારે જપ્ત કર્યો હતો. જે બાદ શુદ્ધતાના દાવા સાથે મુક્ત બજારમાં વેચાતુ આ ઘી શુદ્ધ છે કે અશુદ્ધ તેની ચકાસણી કરવા પોલીસે તમામના સેમ્પલ લઈ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલ્યા હતાં. જેનો રીપોર્ટ જાહેર થતાં આ ઘીનો જથ્થો ભેળસેળયુક્ત અને અસાધ્ય હોવાનું બહાર આવેલ છે. જેથી આ ઘીના તમામ માલિકો પર હવે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. જેનાથી ભારે ચકચાર ફેલાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારો તેમજ ચંડીસર જીઆઈડીસી વિસ્તારમાં હાલ પણ અનેક નાની મોટી ફેકટરીઓમાં બ્રાન્ડેડ નામના શુદ્ધ ઘીના નામે અશુદ્ધ ઘી બનાવાઈ રહ્યું છે. જેનાથી જન આરોગ્ય જોખમાયું છે. તંત્ર આ બાબતે જાહેર હીતાર્થે કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠેલ છે.

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં અડધો અડધ સ્ટાફ ખાલી રહેતા દર્દીઓનો આક્રોશ

## સત્વરે સ્ટાફ ભરવા આરોગ્ય તંત્ર સમક્ષ માંગ

ખેડબ્રહ્મા, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં આવેલી ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી અડધો-અડધ મેડીકલ સ્ટાફ ન હોવાથી અને જરૂરી સુવિધાઓના અભાવે હોસ્પિટલમાં આવતા દર્દીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી તેઓ રોષે ભરાયા છે. અને તાત્કાલિક ધોરણે ખાલી પડી રહેલ ૪૩ જગ્યાઓ ભરવા ઉગ્ર માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં આવેલી જનરલ હોસ્પિટલમાં કુલ ૮૫ જગ્યાઓ મંજૂર થયેલ છે. પરંતુ હાલ આ હોસ્પિટલમાં ૪૨ જગ્યાઓ પર જ મેડીકલ સ્ટાફના માણસો કામ કરી રહ્યા છે. જ્યારે આ હોસ્પિટલમાં ૧ મનોરોગ ચિકિત્સક, ૧ પિડીયાટ્રીશીયન, ૧ ડરમેટોલોજીસ્ટ, ૧ પેથોલોજીસ્ટ, ૧ રેડીયોલોજીસ્ટ, ૧ ઓર્થોપેડીક, ૧ એનેસ્ટેટીસ્ટ, ૧ નેત્ર સર્જન, ૧ ચિકિત્સક, ૧ તબીબ અધિકારી, ૩ દંત સર્જન, ૨ હેડ ક્લાર્ક, ૧ સિનિયર ક્લાર્ક, ૧ જુનિયર ફાર્માસીસ્ટ, ૨ જુનિયર ક્લાર્ક, ૧ એક્સ રે ટેકનીસીયન, ૧ લેબો. ટેકની., ૧ મેટ્રન, ૧ હેડનર્સ, ૧ કોમ્પ્યુટર ઓપરેટર, ૪ સ્ટાફ નર્સ, ૧ પટાવાળા અને ૪ વોર્ડ સરવન્ટ મળી કુલ ૪૩ જગ્યાઓ ખાલી છે. પરિણામે અહી આવતા દર્દીઓને ઓછા સ્ટાફના કારણે જરૂરી સારવાર મળી શકતી નથી.

જ્યારે દૂર દૂરથી મોટી આશાઓ લઈ આવતા ગરીબ દર્દીઓને ભારે પરેશાનીઓ ભોગવવી પડે છે. ત્યારે સારવાર અર્થે આવતા દર્દીઓ સ્ટાફના અભાવે જોરદાર રોષે ભરાયા છે. અને સત્વરે આરોગ્ય વિભાગ ખાલી પડેલી જગ્યાઓ ભરે અને જરૂરી સુવિધાઓ પુરી પાડે તેવી ઉગ્ર માંગ દર્દીઓ અને નગરજનો કરી રહ્યા છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકા પોલીસે વાહન ચકાસણી દરમિયાન એક ઈન્ડિકા ગાડી શકમંદ લાગતા તેની તપાસ હાથ ધરી હતી. જેમાં વિવિધ માર્કાનો પરપ્રાંતિય વિદેશી દારૂ મળી આવતાં પોલીસે ચાલક વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

# પાલનપુર નાની બજારમાં ધમધમતા જુગારધામ પર પોલીસની રેડ

પાલનપુર, તા. ૬

પાલનપુરના નાની બજાર વિસ્તારમાં આવેલ હાથીખાન ચોક પાસે લાંબા સમયથી ધમધમતા જુગારના અડ્ડા પર આજે પૂર્વ સીટી પોલીસે દરોડો પાડ્યો હતો. લાંબા સમયથી ધમધમતા જુગારધામ વરલી મટકાના અડ્ડા અંગે પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી જુગાર રમતા જુગારીયાઓને પકડી પાડ્યા હતા અને રૂ. ૮૫૦ રોકડા તેમજ જુગાર સાહિત્ય કબજે લઈ જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.



# ડીસામાં મંત્રી લીલાધર વાઘેલાની સાકરતુલા કાર્યક્રમ યોજાયો

ડીસાના રાજપુર ખાતેના કોર્પોરેટર પ્રશાંતભાઈ માળીના પિતા મનુભાઈ મંછાભાઈ માળી દ્વારા રાજ્ય કક્ષાના મંત્રી લીલાધરભાઈ વાઘેલાનો સાકરતુલાનો કાર્યક્રમ યોજાયો હતો. રવિવારે ડીસાના રાજપુર વિસ્તારમાં આવેલ મઠ ખાતે સવારે મંત્રીજીનો સાકરતુલાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૮ કિલો સાકરથી મંત્રી લીલાધરભાઈ વાઘાલને તોલમાં આવ્યા હતા. આ પ્રસંગે રાજપુરના અગ્રણી મનુભાઈ માળી, પાલિકા સદસ્ય પ્રશાંતભાઈ માળી, હાથીભાઈ વાઘેલા, ડાહ્યાજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામસ્ત્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮